જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૨/૨૦૧૯ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૧૨/૧૯

## પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

### સરદારનગર પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ દારુ-જુગારની પ્રવુતી નેસ્તોનાબુદ કરવા સુચના કરેલ તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સબંધી ગુન્હાઓ થતા અટકાવવા સી.આર.જાદવ પો.ઇન્સ. નાઓના માર્ગદર્શન હેઠળ **નૈનેશ ઉર્ફે હીતુ નરેશભાઇ જાતે-મીણેકર ઉ.વ.૩૦ રહે- મ.નં. એફ/૯૬ એફ વોર્ડ પોસ્ટ ઓફીસની પાછળ કુબેરનગર ,સરદારનગર,અમદાવાદ શહેર** વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૪૧૩/૨૦૧૯ તા-૧૨/૧૨/૧૯ આધારે સદરી આરોપીને તા-૧૨/૧૨/૧૯ ના કલાક - ૨૧/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા" હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.

પાસા અટકાયતીનુ નામ- **નૈનેશ ઉર્ફે હીતુ નરેશભાઇ જાતે-મીણેકર ઉ.વ.૩૦ રહે- મ.નં. એફ/૯૬ એફ વોર્ડ પોસ્ટ ઓફીસની પાછળ કુબેરનગર ,સરદારનગર,અમદાવાદ શહેર**

**કામગીરી કરનાર કર્મચારી- (૧) અ.લો.ર. મહેશકુમાર ગોરધનભાઇ બ.ન.૯૬૭**
**(૨) અ.લો.ર. વનરાજભાઇ દેવરાજભાઇ બ.ન.૧૫૦૧**

**નોંધ- સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે વર્ષ ૨૦૧૯ મા ૮૯ પાસા હુકમની બજવણી કરવામા આવેલ છે**



## વટવા પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી જે-ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોને વટવા પો.સ્ટે. તથા અન્ય પો.સ્ટે. ખાતે દાખલ થયેલ મિલ્કતસબંધી ગુનાઓમાં ૨(બે) આરોપીઓને વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય જે આરોપીઓ નાસતા ફરતા હોય આરોપીઓને ટેક્નિકલ સોર્સ તથા હ્યુમન સોર્સ દ્વારા પકડી વટવા પો.સ્ટે. ખાતે લાવી આરોપીઓની પાસા અટકાયત કરી નીચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

અ.નં. (૧) શ્રી રાકેશ ઉર્ફે લાલો સ/ઓ નટુભાઈ જાતે-ઠાકોર ઉવ.૨૩ રહે- રામવાડી ટેકરો તલાવડી છાપરામાં મુક્તજીવન સ્કુલની પાછળ ઈસનપુર અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ (૧) સરદારનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૦૮/૨૦૧૭ ઈપીકો કલમ ૩૬૩. ૩૬૬. ૩૭૬ તથા પોક્સો કલમ- ૪. ૫ તથા એટ્રોસીટી કલમ- ૩(૨)(૫). ૩(૨)(૫)(અ). ૩(૧)(W)(I)(II) મુજબ તથા (૨) વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં.૮૫/૧૯ ઈપીકો કલમ ૩૭૯. ૧૧૪ મુજબના ગુનાઓ આધારે મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૩૫૧/૨૦૧૯ તા.૦૪/૧૨/૨૦૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય વટવા પો.સ્ટે.ના સિનીયર પો.ઈન્સ. શ્રી એચ.વી.સીસારા નાઓએ ટેક્નિકલ અને હ્યુમન સોર્સ દ્વારા પાસાના નાસતા ફરતા આરોપીના મોબાઈલ લોકેશન આધારે આરોપી ચોસર ગામ હોવાની જાણ થતા સર્વેલન્સ સ્કોડની એક ટીમ બનાવી રવાના કરતા પો.કો. જયરાજભાઈ વલકુભાઈ તથા પો.કો. હરપાલસિંહ ધનશ્યામસિંહ નાઓ લોકેશનવાળી જગ્યાએ જતા આરોપી મળી આવતા પો.સ્ટે. લાવતા આરોપીને તા.૧૦/૧૨/૨૦૧૯ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર - સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



અ.નં. (૨) શ્રી મનોજભાઈ હીરાભાઈ જાતે-ધધાણીયા ઉ.વ.૨૨ રહે, યોગી ચોક પાણીની ટાંકી પાસે છાપરામાં ગોદાવરી સોસાયટીના પાછળ વરાછા રોડ સુરત તથા મુળ- મોટા તળાવ ફળીયુ રાજગઢી ફળીયાની બાજુમાં રાધનપુર જી-મહેસાણા નાઓ વિરુધ્ધ (૧) વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં.૧૭૧/૨૦૧૬ ઈપીકો કલમ- ૪૫૪. ૪૫૭. ૩૮૦. ૧૧૪ મુજબ તથા (૨) ખોખરા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૬૭/૨૦૧૬ ઈપીકો કલમ- ૪૫૭. ૩૮૦. ૧૧૪ મુજબના ગુનાઓ આધારે મે. પોલીસ કમિ.શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક- પીસીબી/ડીટીએન/પાસા/૧૧૪/૧૭ તા.૦૧/૦૩/૧૭ ના રોજ પાસા હુકમ થયેલ હોય જે આરોપી સુરત ખાતે સચિન પો.સ્ટે. હોય આરોપીને આજરોજ અત્રેના વટવા પો.સ્ટે. લાવતા આરોપીને આજરોજ તા.૧૨/૧૨/૨૦૧૯ ના કલાક ૧૪/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પોરબંદર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## ગુના નિવારણ શાખાની કામગીરી :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા સાહેબ નાઓએ **તા.૧૨.૧૨.૧૯** ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમા પોલીસની ફરજમાં અડચણ કરવાના તથા પોલીસને ધમકી આપવાના તેમજ માધવપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની નજર ચુક્વી પર્સમાથી મોબાઈલ ફોનની ચોરી કરનાર ઇસમ વિકુલ ઉર્ફે વિપુલ રાજેશભાઈ રાઠોડ (છારા) રહેવાસી- છારાનગર, રબારીવાસ, અચેર સાબરમતી અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | વિકુલ ઉર્ફે વિપુલ રાજેશભાઈ રાઠોડ (છારા) રહેવાસી- છારાનગર,રબારીવાસ, અચેર,સાબરમતી, અમદાવાદ |

- માધવપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમા તથા ગાંધીનગર સેક્ટર ૨૧ પોલીસ સ્ટેશન વિસ્તારમા પાર્કીગમા પાર્ક કરેલ આઈસર ગાડી તેમજ પેડલ રિક્ષામાથી સિગારેટના પાર્સલોની ચોરી કરનાર ઈસમ મયુર વલ્લભભાઈ રાઠોડ રહેવાસી ૧૦૩ રામદેવ એપાર્ટમેંટ પ્રભુનગર ૧ ક્તારગામ સુરત મુળગામ-બોરડા તા- તળાજા જીલ્લા- ભાવનગર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મયુર વલ્લભભાઈ રાઠોડ રહેવાસી ૧૦૩ રામદેવ એપાર્ટમેંટ પ્રભુનગર ૧ ક્તારગામ સુરત મુળગામ-બોરડા તા- તળાજા જીલ્લા- ભાવનગર |

- શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની સાથે ઝઘડો કરી મારમારી કરનાર અને ગુનાહિત અને ઝનુની માનસ ધરાવનાર ઈસમ હિતેષ ઉર્ફે આકાશ ઉર્ફે પાપડી અશોકભાઈ ઠાકોર રહેવાસી જયહિંદ સોસાયટી મોહન સિનેમા પાસે અસારવા શાહીબાગ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | હિતેષ ઉર્ફે આકાશ ઉર્ફે પાપડી અશોકભાઈ ઠાકોર રહેવાસી: જયહિંદ સોસાયટી મોહન સિનેમા પાસે અસારવા શાહીબાગ અમદાવાદ |

# તડીપાર કરેલ ઇસમની અટકાયતની વિગત

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

પોલીસ કમી.શ્રી. અમદાવાદ શહેર સાહેબનાઓની સુચના આધારે નાયબ પોલીસ કમી.શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમી.શ્રી "ક" વિભાગ સાહેબના માર્ગદર્શન હેઠળ **ક્રમાંક:કે/ડીવીઝન/હદપ/૧૮/૨૦૧૯ તા-૦૫/૧૧/૨૦૧૯ ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૫૬(ખ) મુજબ થયેલ હુકમ આધારે તડીપાર ઇસમ** રાકેશભાઇ મહેન્દ્રભાઇ પટેલ ઉ.વ.૨૭ રહે-મ.નં-૫, સત્યપ્રકાશ સોસાયટી, અર્જુન આશ્રમ રોડ, ચાંદલોડીયા, અમદાવાદ શહેરનાને પકડી પાડવા માટે અમોએ અનાર્મ હે.કોન્સ. છત્રસિંહ રામભા બ.નં-૪૧૦૦ નાઓને સુચના કરેલ જે આધારે અનાર્મ હે.કોન્સ. છત્રસિંહ રામભા બ.નં-૪૧૦૦ નાઓને બાતમી હકીકત મળેલ જે આધારે તડીપાર ઇસમ **ઇસમ** રાકેશભાઇ મહેન્દ્રભાઇ પટેલ ઉ.વ.૨૭ રહે-મ.નં-૫, સત્યપ્રકાશ સોસાયટી, અર્જુન આશ્રમ રોડ, ચાંદલોડીયા, અમદાવાદ શહેરનાને આજરોજ તા-૧૨/૧૨/૨૦૧૯ ના કલાક ૧૯/૧૦ વાગે પકડી પાડેલ છે અને સદરી તડીપાર ઇસમને તલોદ પોલીસ સ્ટેશન જી-સાબરકાંઠા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## લુંટના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

**કાલુપુર પોલીસ સ્ટેશન :**

## કાલુપુર પોલીસ સ્ટેશનના અનડીટેક લુટના ગુનાના આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડતી કાલુપુર પોલીસ

મે.પો.કમી.સા.શ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નર.શ્રી સેકટર-૧ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ નાઓની સુચનાથી અને મે.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ડી" ડીવીઝન સા.તથા કાલુપુર સિનીયર પોલીસ ઇન્સપેકટર આર.જી.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એસ.બી.સરવૈયા સાહેબ મ.સ.ઇ કિશનભાઇ શંકરલાલ તથા અ.હે.કો હિતેન્દ્રભાઇ શંકરલાલ બ.નં.-૯૦૮૭ તથા અ.હે.કો ધર્મેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં..-૭૮૪૨ તથા પો.કોન્સ.ભરતકુમાર નાનજીભાઇ બ.નં.૫૯૭૯ તથા  પો.કો વિપુલભાઇ શંકરલાલ બ.નં.૭૬૫૪ તથા પો.કો રાહુલભાઇ મનોજભાઇ બ.નં.-૧૦૩૦૮ તથા પો.કો.સંજયભાઇ વનાભાઇ બનં-૮૦૮૫ તથા અ.લો.ર.ધવલ અંબારામ બનં.૫૩૬૨ તથા અ.લો.ર નરેશભાઇ બળવંતભાઇ બનં-૪૬૩ તથા અ.લો.ર ભરતકુમાર નરોત્તમભાઇ બ.નં.-૩૪૪ તથા અ.લો.ર મહેન્દ્રસિંહ જોરસંહભાઇ બ.નં.-૫૬૧ વિગેરે સ્ટાફના માણસો સાથે કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૨૧/૦૦ વાગે કાલુપુર ઘી બજાર ચારભુજા ડેરી પાસે આવતા સાથેના અ.લો.ર ભરતકુમાર નરોત્તમભાઇ બ.નં.-૩૪૪ તથા અ.હે.કો ધર્મેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં. ૭૮૪૨ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે, એક લુટ કરેલ મોબાઇલ ફોન તથા લુટના કામમા વપરાયેલ ઓટો રિક્ષા જેનો આર.ટી.ઓ નં.-GJ-27-TA-2968ની લઈ બે ઇસમો કાલુપુર બ્રિજ પરથી આવી અત્રે કાલુપુર રેલ્વે સ્ટેશન  તરફ જવાના હોય નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે પકડી પાડેલ ઇસમોને પંચો રૂબરૂ વારા ફરતી નામ ઠામ પુછતાં જેમા ઓટો રિક્ષાના ચાલકે પોતે પોતાનુ નામ ધીરજ S/O જીવણભાઇ જાતે.પટણી ઉવ.૨૭ ધંધો.રિ.ડ્રા રહે.બ્લોક નં.-૧૦ મ.નં.૩૧૩ મ્યુ.કોર્પે ઓડાના મકાનમા સફલ-૫ની બાજુમા ચામુડા બ્રીજની નીચે અસારવા અમદાવાદ શહેરનાઓ હોવાનુ જણાવેલ તથા પાછળ બેઠેલા ઇસમનુ નામ-ઠામ પુછતા પોતે પોતાનુ નામ અર્જુન S/O રામુભાઇ જાતે.પટણી ઉવ.૨૨ ધંધો.છુટક મજુરી રહે.મનં.રોહીદાસ રંગારાની ચાલી કલાપીનગર મેઘાણીનગર અમદાવાદ શહેર હોવાનુ જણાવેલ અને તેની પાસે લુટમાં ગયેલ એમ.આઇ કંપનીનો નોટ-૪ મોડલનો મળી આવેલ બાદમાં વધુમાં પુછપરછ કરતા જણાવેલ કે આજથી એક દિવસ પહેલા કાલુપુર રેલ્વે સ્ટેશન પાસેથી એક મુસાફરને બેસાડી તેની પાસેનો મોબાઇલ ફોનની લુટ કરી સાંરગપુર પાણીની ટાંકી પાસે નીચે ઉતારી ભાગી ગયેલ જે બાબતે આજરોજ ઉપરોકત બન્ને આરોપીઓની ધરપકડ કરી કાલુપુર પોલીસ સ્ટેશન ફ.ગુરન- ૧૧૮/૨૦૧૯ ધી.ઈ.પી.કો કલમ-૩૯૪.૨૯૪(ખ),૧૧૪ મુજબનો અનડીટેક ગુનાને ડીટેક કરી તેમજ લુટમાં વપરાયેલ ઓટોરીક્ષા GJ-27-TA-2968  તથા એમ.આઇ કંપનીનો નોટ-૪ મોડલનો મોબાઇલ ફોન જેની બન્ને કુલ્લે કિ.રૂ. ૧,૭૩.૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી તા.૧૧/૧૨/૨૦૧૯ ના કલાક-૨૨/૧૫ વાગે પકડી અટક કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.




# ચોરીના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

**એલીસબ્રીજ પોલીસ સ્ટેશન :**

## રાજસ્થાન ડુંગરપુર જીલ્લાના વરદા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૬૦/૨૦૧૯ ઈપીકો કલમ ૩૮૨, ૩૪૧, ૩૪ મુજબના ગુનાના કામનો વોન્ટેડ આરોપીને પકડી પાડતી એલીસબ્રીજ પોલીસ

મે. પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર નાસતા ફરતા / વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.એસ.પટેલ સાહેબ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.બી.વિહોલ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતા હતા દરમ્યાનમાં અ.હે.કો. રતનસિંહ હિમતસિંહ તથા અ.હે.કો. અખિલેશકુમાર જગદીશ નાઓને મળેલ સંયુક્ત બાતમીથી રાજસ્થાન ડુંગરપુર જીલ્લાના વરદા પોલીસ સ્ટેશનના ફસ્ટ ગુ.ર.નં. ૧૬૦/૨૦૧૯ ઈપીકો કલમ ૩૮૨ , ૩૪૧ , ૩૪ મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી પ્રતાપ સોમાભાઈ રાઉત ઉવ.૨૦ રહે, અતિથિ હોટલ નગરી હોસ્પિટલ સામે એલીસબ્રીજ અમદાવાદ શહેર મુળ વતન ગામ. ગંદવા તા. જોતરી જી. ડુંગરપુર રાજસ્થાન નાને એલીસબ્રીજ કાપડીયા ગેસ્ટ હાઉસ ત્રણ રસ્તા આગળથી તા. ૧૨/૧૨/૨૦૧૯ ના કલાક ૧૯/૦૦ વાગે પકડી પાડી રાજસ્થાન ડુંગરપુર જીલ્લાના વરદા પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરેલ છે.



**ક્રાઇમ બ્રાંચ :**

## આવતા જતા રાહદારીઓના મોબાઇલફોન ઝુંટવી તથા ચોરીઓના ગુના કરવાવાળા ઇસમ પાસેથી મેળવેલ કુલ-૦૭ મોબાઇલ ફોનો સાથે એક ઇસમને પકડી એક ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમબ્રાંચ.

અમદાવાદ શહેર વિસ્તારમાં ઘણા સમયથી આવતા જતા રાહદારીઓના મોબાઇલ ફોનો ઝુંટવી ભાગી જઇ મોબાઇલ સ્નેચીંગ થવાના અને મોબાઇલ ફોન ચોરી થવાના ઘણા ગુનાઓ બનવા પામેલ હોય આ ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી આશીષ ભાટીયા પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર તથા શ્રી અજય તોમર ખાસ પોલીસ કમિશ્નર ક્રાઈમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ સુચના આપેલ હોય જે આધારે શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ અને શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા અને સ્કોડના માણસો તા.૧૧/૧૨/૨૦૧૯ ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હેડ કોન્સ. મહેન્દ્રસિંહ ગુલાબસિંહ તથા પો.કો.રાજેન્દ્રસિંહ વિક્રમસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી અરબાઝખાન @ ભુરા ઇકબાલભાઇ પઠાણ ઉ.વ.૨૨ રહે.ચીસ્તીયા ડુલ્પેક્ષ મકાન નં.૧૦૬, બેરલ માર્કેટની અંદર બીલાલ મસ્જીદની પાછળ દાણીલીમડા અમદાવાદ શહેર નાને દાણીલીમડા બેરલ માર્કેટ આર.એમ.પાન પાર્લર ત્રણ રસ્તા પાસે થી પકડી લીધેલ અને તેની પાસેથી અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન કુલ નંગ-૭ કિં.રૂ.૨૫૦૦૦/- ની મત્તાના કબ્જે લેવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા તેણે આજથી આશરે દોઢેક મહીનામાં તેના ઘર નજીક રાજુની ચા ની કીટલી પાસે ડુપ્લેક્ષમાં રહેતા સલમાનખાન અસ્લમખાન પઠાણ પાસેથી કુલ-૦૭ મોબાઇલ ફોનો વેંચાણથી ખરીદ કરેલ હોવાનુ અને આ સલમાન આ મોબાઇલ ફોનો ચોરી કરીને અથવા તો આવતા જતા રાહદારીઓના મોબાઇલ ઝુંટવી લાવતો હોવાની પોતાને આપતો હોવાનુ અને પોતે પૈસા કમાવવાના ઇરાદે આ બીલ વગરના ફોનો બીજાને વધારે કીંમતમાં વેંચી નફો મેળવવા સારૂ સલમાન પાસેથી આ મોબાઇલ ફોનો મેળવતો હોવાનુ જણાવેલ છે

અને સદર આરોપી પાસેથી કબ્જે લીધેલ મોબાઇલ ફોનો પૈકી સેમસંગ કંપનીનો બ્લ્યુ કલરનો A20s મોડલનો મોબાઇલ ફોન બાબતે વસ્ત્રાપુર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૬૮/૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯(એ)(૩).૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ હોય આરોપીને વસ્ત્રાપુર પો.સ્ટે.ખાતે સોંપવામાં આવેલ છે.

આ પકડાયેલ આરોપી પાસેથી મળેલ મોબાઇલફોનો અંગે વણશોધાયેલ બાકીના ગુનાઓ અંગે તપાસ જારી છે અને આ સિવાય બીજા ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શકયતા છે.



# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૧૩/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૮૩૪ લીટર દેશી દારૂ, ૪૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮૮ કર્વાટર ઇગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ, ૦૧ સ્કુટર, ૦૧ ટેમ્પો અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૧૪/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૫ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ હેઠળ ૩૨ વ્યક્તિઓની તેમજ પાસા મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી : સમાચાર યાદી નં.૨૧૧૫/૧૯

**કાગડાપીઠ** : જતીનભાઇ રમણલાલ ભટ્ટ (ઉ.વ.૬૨)(રહે.દીલીપનગર સોસાયટી દક્ષીણી સોસાયટી સામે મણીનગર)એ તા.૧૨/૧૨/૨૦૧૯ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૧૨/૨૦૧૮ થી તા.૦૩/૦૫/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન યુનીયન બેંક રાયપુર દરવાજા તથા દેના બેંક સારંગપુર શાખા ખાતે આરોપી (૧) ખીમજીભાઈ કાનજીભાઈ દુધાત્રા (રહે. તુલસીકુજ સોસાયટી, વૈભવ હોલની પાછળ, ઘોડાસર) (૨) શાંતીલાલ એમ.બારીયા(પ્રમુખ)(રહે. સંકેત ટેનામેન્ટ મોની હોટલના ખાંચામાં, ઇસનપુર) અને (૩) ધીરુભાઈ જે.ભવાણી (ખજાનચી) (રહે. ખોડીયાર રેસીડેન્સી, ખોડીયાર બાગજીવન ઇન બંગ્લો, નિકોલ) એ ભેગામળી પોતાના અંગત ફાયદા સારૂ પોતાની સહી થી ગુજરાત એસ.ટી.નિવૃત સંઘના (BMS) ના યુનીયન બેંક રાયપુરના ખાતામાથી રૂપિયા ૫,૪૯,૦૦૦/- તથા દેનાબેંક સારંગપુર શાખાના ખાતામાંથી રૂપિયા ૨,૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૮૯,૦૦૦/- જતીનભાઇના ધ્યાન બહાર ઉપાડી લઇ, જતીનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

## ઘરફોડ : સમાચાર યાદી નં.૨૧૧૬/૧૯

**નિકોલ** : કુલદિપસિંગ જગન્નાથસિંગ રાજપુત (ઉ.વ.૬૨)(રહે.પુષ્પક બંગ્લોઝ, મંગલપાંડે હોલની સામે મનમોહન નિકોલ) એ તા.૧૨/૧૨/૧૯ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૧/૧૯ ના કલાક ૯/૩૦ થી રાતના ૧૨/૦૦ તથા તા.૧૧/૧૨/૧૯ ના કલાક ૦૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના રસોડાની બારીનો સળીયો કાપી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૭૭,૦૦૦/- મતાના ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.સથવારા ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુ :** **સમાચાર યાદી નં.૨૧૧૭/૧૯**

**વટવા** : શિવાની ડો/ઓ પંકજભાઇ ચૌધરી (ઉ.વ.૦૨)(રહે.જાનીયાપીર નો ટેકરો, વટવા) તા.૦૩/૧૨/૧૯ રાતના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા-રમતા ચાલુ ગેસના ચુલા ઉપર પડી જતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા, સારવાર અર્થે તેને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરી હતી. જ્યા સારવાર દરમ્યાન તા.૧૨/૧૨/૧૯ ના કલાક ૫/૪૫ વાગે ફરજ પર ના ડો.શ્રી એ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બટુકસિંહ કાભઇભાઇ ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુ :** **સમાચાર યાદી નં.૨૧૧૮/૧૯**

**રામોલ** : નારાયણ ગોપીલાલ જાટ (ઉ.વ.૧૯)(રહે.નિજાનંદ પાર્ક, વસ્ત્રાલ) તા.૧૨/૧૨/૧૯ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સિંટેક્ષ ની પાણીની ટાંકીમાંથી પાણી કાઢવા સારૂ ઈલેક્ટ્રીક મોટર ચાલુ કરતી વખતે અચાનક વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને અવધ હોસ્પિટલમા દાખલ કર્યા હતા જ્યા સારવાર દરમ્યાન બપોરના ૩/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાધાબેન ચંદુભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૨૧૧૯/૧૯**

**રીવરફ્રન્ટ વેસ્ટ** : નિલેશભાઇ નટવરભાઇ ચાવડા (ઉ.વ.૩૭) (રહે.બળદેવનગર, મજુરગામ સામે, ગીતા મંદિર) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૨/૨૦૧૯ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે રિવરફ્રંટ પશ્ચીમ કિનારે આંબેડકર બ્રીજ પાસે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી છે. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ સબુરભાઇ ચલાવે છે.

**ચાંદખેડા** : હર્ષભાઇ હેમંતભાઈ પટેલ (ઉ.વ.૨૦)(રહે. લક્ષ્મીનગર વિભાગ-૧, નર્સરી વિસત પેટ્રોલપંપ પાસે, ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૬/૨/૨૦૧૯ સવારના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૧૨/૨૦૧૯ ના કલાક ૧૦/૪૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમીતકુમાર કિશોરભાઇ ચલાવે છે.

**અમરાઇવાડી** : મણીલાલ અંબાલા વાઘેલા (ઉ.વ.૪૬)(રહે.ગણેશનગર મહાવીરનગર ની બાજુમા, જોગેશ્વરી રોડ, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૨/૨૦૧૯ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાની જાત ઉપર કેરોસીન છાંટી સળગી જતા, સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૧૨/૨૦૧૯ ના કલાક ૪/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.